॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

વર્ગસ્થ સાક્ષરરત્ન શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી સંસ્થાપિત.

શ્રી દેશી નાટક સમાજ

સોરઠી સિંહ

નાટકનાં ગાયનો તથા ટુંકસાર

છપાવી પ્રસિદ્ધ કરનાર

ગોવીંદદાસ જેઠાભાઈ શાહ.

માલેક:—શ્રી દેશી નાટક સમાજ.

હાલ મુકામ;—લક્ષ્મી પ્રતાપ થીએટર, વડોદરા.

સને ૧૯૪૦, (આવૃત્તિ દસમી) પ્રત ૧૫૦૦

કીંમત ૪ આના.

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

સ્વર્ગસ્થ સાક્ષરરત્ન શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી સંસ્થાપિત.

શ્રી દેશી નાટક સમાજ.

સોરઠી સિંહ

નાટકનાં ગાયનો તથા ટુંકસાર.

લેખક:—મણીલાલ ત્રીભુવન ત્રીવેદી પાગલ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

હરગોવીંદદાસ જેઠાભાઈ શાહ.

માલેક:—શ્રી દેશી નાટક સમાજ.

હાલ મુકામ;—લક્ષ્મી પ્રતાપ થીએટર, વડોદરા.

સંવત ૧૯૯૦, (આવૃત્તિ દસમી) પ્રત ૧૫૦૦

કીંમત ૪ આના.

— શ્રી દેશી નાટક સમાજ. —

પ્રસ્તાવના.

આજનો ઇતિહાસ છેલ્લા સેકામાં થઇ ગયેલા ગીરના પ્રસિદ્ધ લુંટારા મકરાણી કાદુના ચરિત્ર પર પ્રકાશ નાખે છે કરાંચીમાં ફાંસી પામેલા મકરાણી કાદુ કાઠીયાવાડના ગુણુવકતાઓના જીભ પર હજી જીવતો છે. એક પણ ઘર એવું નહિ હોય કે જેને આંગણે ભીક્ષુકોએ મકરાણી કાદુનો કીસ્સો નહિ ગાયો હોય આજનો પ્રયોગ ફકત તે બહાદુર બહાવટીયાના બંડખોર પણ સદાચાર ભર્યા જીવન પર લખાયેલો છે નાટયકારને મોટી મુશ્કેલીઓ પડે છે કે કેટલીક બીના એકની એક હોવાથી પ્રેક્ષકોની રસવૃત્તિ જાળવી રાખવા માટે અન્ય બીનાઓ નાટકમાં આમેજ કરવી પડે છે હવે તે બીના એવી હોવી જોઇએ કે નાટય નાયકના જીવનને અનુકુલ હોઇ શકે શીવાજીને હાથે ચાર સુકર્મો વધુ કરાવવાનો અને મહારાણા પ્રતાપને હાથે ચાર કાર્યો સ્વમાન ભર્યા કરાવવાનો લેખકને હક છે. અને તે હિંદુસ્તાને સ્વીકાર્યો છે આજના પ્રયોગમાં મકરાણી કાદુનો ઇતિહાસ નજર સમીપ રાખી બાકીના તમામ પાત્રો માટે કલ્પનાનો આધાર લીધો છે અને તે આધાર લેવામાં હું યોગ્ય છું કે અયોગ્ય છું તે ઇન્સાફ મારા અનેક નાટક જોઇ ચુકેલા પ્રેક્ષકોને સોપું છું.

મારા દરેક ખેલની પ્રસ્તાવના મારા સાહિત્યરસિક વિદ્વાન લેખક મીત્ર ભાઈ **રઘુનાથજી** લખે છે. આ વખતે તેમની

થોડીક ખબર લેવાની વૃત્તિ ઉત્પન્ન થવાથી તે કાર્ય હું કરૂં છું અત્યાર સુધીના મારા સંખ્યાબંધ નાટકો જો જીવન્ત હોય તો તે ભાઇના લાગણી ભર્યા સહકારને લીધેજ છે, મારા સીધા અને સાદા લેખને કાવ્યરૂપી વસ્ત્રાલંકારોથી સજીને મારી કૃતિને મનમોહક દેખાડનાર ભાઇ **રઘુનાથને** મારા પરનો ઉપકાર તો આ જન્મમાં અવિચળ રહેશે એમને માટે વધુ શું લખું અમો બેમાં મોર કોણ અને પીછા કોણ તે સમજવાનું કામ પ્રેક્ષકોનું છે આજનો નાટક સજાવવામાં કંપનીના માલીક **શેઠ શ્રી હરગોવિંદદાસે** પુષ્કળ ખર્ચ કર્યો છે તે શ્રદ્ધાનું પરિણામ છે **દીવાન** નાટક પછી **શ્રી** દેશી નાટક સમાજના તકતાપર મારો નાટક આ પ્રથમજ આવતો હોવાથી એક **શ્રી**મંત પિતા ખોટના બાળકને જેટલું શણગારે એટલો મારા નાટકને દરેક રીતે શણગાર્યો છે ઇચ્છું છું કે હું તેમની કૃપાને યોગ્ય નીવડું **કંપનીના ડીરેકટર કાસમભાઈ** કે જે મારી સાથે આ પ્રથમ વારજ પ્રયાસમાં સહકારી થાય છે પહેલી નજરે મને શક ગયો હતો કે આ જુવાન બાળક શું કરશે પણ અનુભવે એ સાબીત કર્યું છે કે બાળક પણ દેશી સમાજનું સુકાની છે દૃશ્યોની બાબતમાં ભાઇ **જહાંગીરજી** મીસ્ત્રી માટે એટલુંજ લખીશ કે તેઓ પાગલના આત્માના ભોમીઆ છે અને પાગલ તેમના આત્માનો ભોમીઓ છે. અમો સર્વની કળાનું એકત્ર રુપક તે આજનો પ્રયોગ-એજ.

લી૦ **કવિ મણીલાલ ત્રીભુવન પાગલ.**

પાત્ર પરિચય.

પુરૂષ-પાત્રો.

શાહજાદા બહાદુરખાન—નેક નામદાર બાબી બહાદુર સંસ્થાને સોરઠના ચમકતા સીતારારૂપ દયાળુ નવાબ

મકરાણી કાદુ—પહેલાંનો કાદરબક્ષ જમાદાર પણ પાછળથી મુલ્ક મશહુર થએલો બહારવટીઓ.

રાવ સાહેબ—રાજ્યનો સલાહકાર

હરભાઇ સાહેબ—સોરઠનો આદર્શ અમલદાર.

રફીક—હરભાઇના હાથ નીચેનો અમલદાર

રામજી શેઠ—એક વેપારી

પુંજો—તેનો નોકર

અલાદાદ—કાદુનો ભાણેજ

મીંઠા આરબ—નવાબનો નીમકહલાલ નોકર

શીવાય અન્ય પાત્રો

સ્ત્રી પાત્રો.

બેગમ સાહેબા—દયાળુ રાજ્યમાતા

સ્નેહલતા—રાવ સાહેબની પત્નિ

શારદા—હરભાઇની—પત્નિ

રમા—રામજી શેઠની સ્ત્રી

શ્યામા—પુંજાની સ્ત્રી

શીવાય અન્ય પાત્રો.

સોરઠી સિંહ નાટકનો ટુંક સાર.

— અંક ૧ લો —

મંગળાચરણ બાળાઓનું વસ્તુ સુચન.

પ્રવેશ (૧) સ્થળઃ—નજરાણાનો દરબાર.

ગરીબપરવર શાહજાદા સાહેબની વર્ષ ગાંઠની ખુશાલીનો દરબાર પ્રેમાળ પ્રજા પોતાના માનવંતા માલીકને વધાવવા આજે હાજર થએલ છે. નજરાણાની શરૂઆત વારો આવતાં કાદરબક્ષ જમાદારનું નામ પોકારતાં તે નજરાણું રજુ કરે છે નજરાણાની રકમ ઓછી હોવાથી રાવ સાહેબ વાંધો લે છે કદરબક્ષ જમાદાર દેશની દુઃખી હાલત પર સભાનું ધ્યાન ખેંચે છે. રાવ સાહેબ કશું ન માનતા રાજ્ય રિવાજ પર હઠીલો થઇને કાદરબક્ષને ધમકાવે છે પ્રસંગ વધી જતાં કાદરબક્ષ જમાદાર રાજ્યભક્ત મટીને બહારવટીઓ કાદુ બને છે. **ટેબલો.**

પ્રવેશ (૨) સ્થળઃ—રાજ્ય મહેલ

દયાળુ રાજ્યમાતા અને રાવ સાહેબની બહારવટીઆ કાદુ સંબંધમાં કેવા પગલા લેવા તે ચર્ચા દયાળુ રાજ્યમાતા હજી પણ નાખતી કરવા કહે છે પરંતુ હઠીલો રાવ સાહેબ તેને માટે સખત પગલા લેવાનો નિશ્ચય કરી ચુકયો હોવાથી એજન્સી સાહેબ પાસેથી બારવટીઆને જેર કરવાનું ફરમાન મેળવે છે. અને તે કામ લશ્કરી અમલદાર હરભાઇને

સોંપાય છે હરભાઇનું ફરજ બજાવવા જવું, રાવ સાહેબની તાબેદારી ભરી દબાવનારી હીલચાલ રાવ સાહેબનું જવું હરભાઇની પત્નિ શારદા કે જે આજે બેગમ સાહેબના કદમ પાસે માગવા આવી છે તેને બેગમ સાહેબ દયાનો ધર્મ સમજાવીને હરભાઇ મારફત મકરાણી કાદુ પર થનારા હુમલાને નરમ કરવા ભલામણ કરે છે ઉદાર શારદા દયાળુ રાજ્ય માતાના મતને આધીન થાય છે.

પ્રવેશ ૩ જો–સ્થળ:ગીરનું ગામડું

ગામ સાચવનારો મીઠો આરબ દરબારી ઉતારા પર ગામડાની કન્યાઓનું સમય પરનું ગીત સાંભળતો બેઠો છે આખા સોરાષ્ટ્રને ધ્રુજાવી રહેલા મોરડી સિંહ **મકરાણી કાદુના** બ્હારવટા પર ચર્ચા મીઠો આરબ મરદના પાણીને વખાણે છે સર્વનું જવું દૈવી યોગાયોગથી **મકરાણી કાદુ** આજે મીઠાના ગામ પર પડે છે મીઠાની અને કાદરબક્ષની પ્રેમભરી વાતચીત બાદ બે પહાડ જેવા મર્દોનો મુકાબલો મીઠાના હાથે મકરાણી કાદુનો એકનો એક છોકરો ઠાર અને કાદુને હાથે મીઠો આરબ પોતાની સંસાર સફર પુરી કરે છે એજ વખતે હરભાઇનો છાપો બહાદુર બહાવટીઓ સમર્થ સરદારને થાપ આપી સહીસલામત ચાલ્યો જાય છે.**ટેબ્લો.**

પ્રવેશ ૪ થો સ્થળ:–રામજી શેઠનું ઘર

રમણી ભકત રામજી શેઠ પત્નિની તાબેદારી ઉઠાવતા નજરે પડે છે ત્યાર પછી તેમનો નોકર પુંજો કે જે પોતાના

માટે બહારી શોધવા ગયો હતો તે હાજર થાય છે પોતાના માલીકને અને શેઠાણીને પોતાની થનાર બૈરી દેખાડે છે પુંજાની થનાર બૈરી શ્યામાનું સ્વરૂપ જોઇને રમાણી ભકત રામજી શેઠ પહેલીજ નજરે પ્રચંડ પ્યારમાં પડી જાય છે રામજી શેઠના અંતરોદગાર.

પ્રવેશ ૫ મો સ્થળઃ—રાવ સાહેબની માલેકીના ગામમાં રાવ સાહેબનો મહેલ.

રાવ સાહેબના છોકરાનું નામ પાડવાનો શુભ પ્રસંગ આજે હોવાથી હરભાઇ અને અન્ય મહેમાનો આજે આવ્યા છે મકરાણી કાદુ હાથતાળી દઇને ચાલ્યો ગયો તેને માટે રાવ સાહેબ હરભાઇને મ્હેણાં મારે છે કટાક્ષો અસહ્ય થવાથી હરભાઇ ચાલ્યો જાય છે અન્ય મહેમાનો કચવાઇને રવાના થાય છે યોગાયોગ એવો બને છે કે બાતમી મેળવી ચુકેલો મકરાણી કાદુ આજ વખત સર્વ સત્તાધીશ પણ અત્યારે નીરાધાર રાવ સાહેબ પર હુમલો લાવે છે બહાદુર બહારવટીઆનો ઉજ્વળ ધર્મ અહી પુરેપુરો ચમકે છે બુરૂ કરનાર પર પણ ભલાઇ કરીને સોરઠી સિંહ પોતાના ધર્મને ચમકાવે છે મકરાણી કાદુ આજ જગ્યાએ રઇયતની બ્હેન બેટી પર બદ નજર કરનાર પોતાના સગા ભાણેજને ઠાર કરી લુંટારાનો પણ એક ધર્મ હોય છે એ સુત્ર સમાજને શીખવે છે.

પ્રવેશ ૬ ઠો સ્થળ—રામજી શેઠનું મકાન.

પુંજાની થનાર પત્નિ શ્યામાની છેડતી કરવા જતાં

શ્રીમાન રામજી શેઠ પોતાનીજ પત્નિના પંજામાં સપડાઈ જાય છે ભાવે કભાવે ભાવે રામજી શેઠ પત્નિના રૂવાબને તાબે થઇને પુંજાનું હિત કરી આપે છે. એટલે કે પુંજાને પરણાવવાનું કાર્ય માથે ઓઢી લે છે.

પ્રવેશ ૭ મો સ્થળ—ઘોર જંગલ.

દીવસે દીવસે કમી થતા સાથીદારો માટે બહારવટીઆ કાદુનો બળાપો દેવયોગે રાજ્ય અમલદાર હરભાઈની પત્નિ શારદા જાત્રા કરવા જતાં લુટારા કાદુના હાથમાં સપડાય છે. બારવટીઆનો ઉજળો ધર્મ અહિ પુર્ણ કળાએ પ્રકાશે એમાં પણ પોતાને પકડવા ફરનારા હરભાઈની આ પત્નિ છે એ જાણ્યા પછી તો તેને બ્હેન કહી તેનો લુંટેલો માલ પણ પાછો આપે છે ન્હાસી છુટેલા સીપાઈદ્વારા ખબર મેળવી ચુકેલા હરભાઇનું આવવું. નિતિના પરમ ભક્ત બન્ને આ સ્થળે વૈરી મટી મિત્ર બની જાય છે. રાવ સાહેબનું આવવું હરભાઈ પર ક્રોધ—હરભાઇ ગુસ્સાના આવેશમાં નોકરી છોડે છે રાવ સાહેબની ઉગ્ર સત્તાના પંજામાંથી બહારવટીઓ કાદુ મિત્ર બનેલા હરભાઇને ચમત્કારી રીતે બચાવી લે છે. ટેબ્લો.

અંક ૧ લો સમાપ્ત.

અંક બીજો.

પ્રવેશ ૧ લો સ્થળ—રાજ્ય મહેલ.

દયાની દેવી બેગમ સાહેબ કુસંપથી કચવાતાં નજરે પડે છે. રાવ સાહેબ હરભાઈની ફરી ગયેલી વૃત્તિની ફરીયાદ કરે છે સત્યપ્રેમી રાવ સાહેબ વિરોધ ન કરતાં શાંતિથી કામ લેવા ચાહે છે પરંતુ રાવ સાહેબ મહાન સત્તાની બીક બતાવીને બેગમ સાહેબને મુશ્કેલીમાં મુકે છે અને તમામ સત્તા લેખીત વાર પોતાનાજ હાથમાં લઈને હરભાઈને ખુવાર કરવાનો રસ્તો સ્વીકારે છે ચાલાક બહારવટીઓ સેવક તરીકે ઠગી જઈને સર્વ હકીકતથી વાકેફ થાય છે

પ્રવેશ ૨ જો સ્થળ—પુંજાનું ઘર.

સુખમાં ડુબી ગયેલા પુંજાને શ્યામા રામજી શેઠનો ભય સમજાવે છે શ્યામાની યુકિતથી પુંજાનો સંસાર સળગાવવા ઈચ્છતા રામજી શેઠનો સંસાર સળગવો.

પ્રવેશ ૩ જો સ્થળ—હરભાઈનું ઘર.

ભાવિ ભયની ખબર હોવાથી હરભાઈ શારદાને પિયર જવા કહે છે આદર્શ આર્ય રમણી આફતના સમયમાં પતિને એકલો તજવાની સાફ ના પાડે છે. રાજ્યનો હુકમ લઈને સરદાર રફીક આવે છે હરભાઈ આવતી આફતને, મર્દને છાજતી હીંમતથી વધાવે છે. રફીકની મતી ચળીત થાય છે એટલે પોતાના એક વખતના સરદાર પ્રત્યે કુદરતી ઢળી જાય છે રાવ સાહેબનું આવવું સખ્ત પગલાનો અમલ કરવા જાય છે તેજ વખત મકરાણી કાદુ જાહેર થઈ રાવ સાહેબને

ડાર કરવા તલવાર ઉપાડે છે દયાળુ બેગમ સાહિબના હુકમથી રાવ સાહિબનો બચાવ. ટેબ્લો.

પ્રવેશ ૪ થો સ્થળ—રામજી શેઠનું મકાન.

રમાના ચારિત્ર પર વ્હેમે ભરાયલા રામજીભાઇ લક્ષ્મી નામની પાડોશણને સ્ત્રી ચરિત્ર વિષે વાતો કરે છે લક્ષ્મી વાતો પર મોહ પામીને રામજીભાઇ પર પુષ્પધન્વા ફેંકે છે. બાદ પુંજાનું આવવું શેઠ નોકરની ખુલ્લી લડાઇ પુંજાનું હારી જવું

પ્રવેશ ૫ મો સ્થળ—રસ્તો.

ગામના લોકો રાવ સાહિબના જુલમથી કંટાળીને બેગમ સાહિબને અરજ કરે છે અને તે અરજી લઇ જવાનું કામ પરાણે રામજી શેઠને સોંપે છે દૈવયોગે રામજી શેઠ રાવ સાહેબને રસ્તામાં ભેટે છે ચાલાક રાવ સાહિબ રામજી શેઠને ડર બતાવીને પોતાના નામની જગ્યાએ બેગમ સાહિબનું નામ મુકાવી તે અરજી વડી સત્તાપર રામજી ભાઇનાજ હાથે મોકલાવે છે.

પ્રવેશ ૬ ઠો સ્થળ—એજન્સી ઓફીસ.

રાવ સાહિબની કપટ કળાથી ભરમાયલા ભલા અમલદારો બેગમ સાહિબ પાસે ખુલાસો મેળવવા જાય છે.

પ્રવેશ ૭ મો સ્થળ—મહાલયનો એક કીલ્લો.

રાવ સાહિબની કળાથી પરવશ બની ચુકેલ બેગમસાહિબને મકરાણી કાદુ અને હરભાઇ સહીસલામત છોડાવી જાય છે.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો

પ્રવેશ ૧ લો સ્થળ--રાજ્ય મહેલ

રાજ્યધાની શહેર પાંસે સહીસલામત પહોંચાડી મકરાણી કાદુ પવિત્ર બેગમ સાહેબના ચરણ પાસે બારવટુ છોડીને દેશ જવા નીકળે છે મહંત વિધાતાના લેખ સમજાવે છે સર્વનું જવું--રાવ સાહેબ અને અમલદારનું નીકળવું સત્ય સમજી ચુકેલા નિતિમાન અમલદારો રાવ સાહેબનો પક્ષ છોડી ચાલ્યા જાય છે રાવ સાહેબની ખરી મુંઝવણ પોતાની સત્તા સ્થિર કરવા માટે શાહજાદાના નાશના નિશ્ચયપર રાવસાહેબનું આવવું

પ્રવેશ ૨ જો સ્થળ--રાજ્ય મહેલ

પોતાનું કર્તવ્ય પુરૂ થએલું હોવાથી હરભાઇ જંજાળી જીવન તજીને નિવૃત જીવન સ્વીકારે છે પ્રજાના કોપના કોપમાં આવી પડેલ રાવ સાહેબના પત્નિ અને પુત્રને દયાળુ બેગમ સાહેબ ખુલ્લા દીલથી પોતાના રાજ્ય મહેલમાં આશરો આપે છે. શાહજાદાના બીછાનામાં રાવ સાહેબના પુત્રનું પોઢવું સર્વ નિદ્રાધીન થવું રાવ સાહેબ ખુલ્લી છરી સાથે દાખલ થાય છે શાહજાદાને બદલે પોતાનાજ દીકરાનું ખુન.

પ્રવેશ ૩ જો સ્થળ—પુંજાનું મકાન

શ્યામાની ચાલાકીથી તમામ ગોટાળો પુરો થઇ જઇને વ્હેમે ભરાયલા સર્વ પાત્રો છુટકારાનો દમ ખેંચીને અરસ પરસ મળી જાય છે.


પ્રવેશ ૪ થો સ્થળ--હરભાઇનુ શાંતિ નિવાસ

જંજાળી જીવનથી વિરકત થયેલા હરભાઇ અને શારદા જીવનની સાચ્ચી મજા માણે છે ત્યાર પછી પોતાના હાથેજ પોતાના પુત્રનો નાશ થવાથી દીવાનો બનેલો રાવ સાહેબ હરભાઇનાજ આશ્રમમાં ભટકતો આવીને આત્મહત્યા કરે છે એટલે કુદરતના મારથી લાચાર બનેલો રાવ સાહેબ હાડ વૈરીના ખોળામાં દેહ ત્યાગ કરે છે.

પ્રવેશ ૫ મો સ્થળ--દરબાર

નિતિમાન અમલદારો ઉદારતાથી શાહજાદાની એટલે બાબી બહાદુરની કાયદેસર સત્તા સ્વીકારે છે. હક્કદારના હક્ક રક્ષણ પર પ્રયોગની પુર્ણાહુતિ.

અંક ૩ જો સમાપ્ત.



શ્રી ૧

'સોરઠી સિંહ' નાટકનાં ગાયનો

...અંક ૧ લો...

મંગળા ચરણ.

તુંહી રક્ષ હે વિભુ તારૂં નામ,
કર ધર હે તુંહી જય લલામ,
ચરણે પ્રણામ વિભૂતી વિરામ દયા ધરજે તુંહી ગુણગ્રામ,
સિદ્ધિ ભરજે તુંહી આપ્ત કામ
હે તાત પાપ અમાપ હરતા શાંતિ કાંતિ આપજે;
મંગળ કરણ મંગળ કરી કષ્ટો નિરંતર કાપજે. તુંહી.

બાળાઓ:— ૨

જગમાં પગલે પગલે જોશો વિરતાના ઈતિહાસ,
અમર નરોના અમર જીવન કે પાડે અમર પ્રકાશ,
સૌરાષ્ટ્ર તણા રસ ક્યારે કોઈ મંદીર કોઈ મીનારે—કોઈ
જડમાં ચેતન ચમકારે કે ઉછળે જીવન ઉલ્લાસ.
જોઈ સુનાં જીવન જગાવો એ કિર્તિવિણા બજાવો,
ઘર ઘર સુરલી કે તે જની કે સાથે જીવન વિકાસ.

નાચનારીઓ:— ૩

મય મરીરે (૩) જાન આજા તું આજા
સેજાં પોઢે બાલમ મય વારી જાઉ સૈયાં,
મય પંખા લેકર ખડીરે જાન આજા તું આજા
પેચાં બાંધે બાલમ મય વારી જાઉ સઇયાં,
મય તુરરા લેકર ખડીરે જાન આજા તું આજા

શારદા:-- ૪

કરમ કાગળે લખ્યા વીધીયે લેખો તે વંચાયા
મુરખ મન ફોગટમાં ફુલાય,
આશા તારે માનવ નીચે મુરખ મન મલકાય
મૃગજળને જળ માની મુરખ તેની પાછળ ધાય,
તેથી તૃષા નહિ છીપાય—મુરખ.
અકળ કળા એ અવીનાશીની ભણતા નહીં ભણાય,
હાથ તણા હથીયારો સર્વે હાથ મહીં રહી જાય,
અંતે ધાર્યું ધણીનું થાય, મુરખ૦

વડારણો:— ૫

હાંરે રાજ રાણી જયાના સુરજ આથમ્યાં
એના આથમીઆ કૈં ખાંડા કેરા ખેલ રે ચોપુટ હવે વાયા

ઘોરી કુમ કુમ કંકાવટી સૂકાય છે
એની તીખી તલવારો કટાય રે—ચોખુંટ હવે.

સાખી

ગરવો સોરઠ દેશ ગરવો ગૌરવ ગાજતો
એના ગૌરવ આજ વસ્યા ગુફા ગીરનારમાં.

તારી માટીના દુધ લજાય રાણી જાયા રાજવી કોઈ જાગજો
સુની સુની રણવાટો જાગતી કાળી ટીલી જોઈ ફાટતી છાતી
કરજો વિજય તણી પહેલરે—ચોખુંટ હવે.

રામજી શેઠઃ— ૬

ઘેર આવ્યા ત્યારે લ્હેર ન આવી સેજ ન દીઠી સુવાળી
જીવતર ધુળ ને ધાણી કાચી પડી ગઇ કમાણી
પેઢી વધાવીને ઘેર પધાર્યાં બોલી સુણી ન રસાળી
કોમળ હસ્તના બંધ પડયા નહિ મીઠડી હાક ન ભાળી
ભાવતાં ભોજન કારમા લોચન આંખમાં આંખ ન ઢાળી
બાજી રમ્યા નહિ બેસી જોડા જોડ જીંદગી એળે ગાળી

સાહેલીઓઃ ૭

મારે આંગણીએ રાજ સોનાના સુરજ ઉગીઆ
છલકે અંતરીએ રાજ મીઠા મેરામણ તળીઆ આજ
ઝીલ્યાં ઝીલ્યાં કુમ કુમ ક્યારે સુજના જાગ્યાં ચોઘડીયાં.

શ્યામા:— ૮

મારી વાડીમાં કેવડાનો છોડ કાળજડે કાંટા વાગે
મને સાસરીયે જવાના કોડ કાળજડે કાંટા વાગે
ફુલડે ફુલડે છે મીઠી પરાગ મુઓ તરસ્યો મધુકર
રોજ આવે
આજ્ઞા આજ્ઞા એ ડંખ દેતો બળ્યું મને એવું કહેતાંય
શરમ આવે
ચૈતર વૈશાખ તણી ઉન્હી લ્હાયોમાં મારી કાંચન શી
કાયા કરમાતી
વાય સમીર ઉડે પાલવને ચીર તો ઢાંકી ઢાંકીને થાકી જાતી

શ્યામા, પુંજો:— ૯

રાજ ઓઢી સુહાગી મે તો ચુંદડી
હું તો ન્હાના નાવલીઆની નારરે રંગે નારંગી મ્હારી ચુંદડી
જો જો ઘુંઘટના પટ ના તણાય
એની આછેરી ભાત ના ચુંથાય
જો જો અડતાં જરીક ના ચોરાયરે રે રાજ
રસઘેલી રાધીકા હું ન્હાનકડા કાનજી.
શ્યામા હું શ્યામ તારો મનમાં લે સમજી
પરણ્યાની રાત આજ પહેલી પ્રીતમજી,
નાના પણ હઇયાંના હારરે જોજો ભીંજાય નહી મારી ચુંદડી

અંક પહેલો સમાપ્ત

.....અંક બીજો.....

સાહેલીઓઃ— ૧૦

અમર રહો રાજ તાજ અવનીમાં,
અચળ વિમળ તેજ તપો વિશ્વમાં
ગરજે ડંકા નિશાન દુશ્મન સૌ મુકે માન,
ફરકે જયની ધ્વજાઓ સોરઠના વિજય ગાન અમર રહો

પુંજો તથા શ્યામાઃ— ૧૧

સંસાર તણો એ ન્યાય જેવા થાય તેવા થઈએ,
તો દુનિયામાં રહેવાય—જેવા
જે વિશ્વ પ્રેમીની વાડી તેમાં કાંટાળી ઝાડી,
મધુકર થઈને રસ લઈએ—જેવા
એકામી રામજી કાકા કંઈ ખોટ નથી છે પાકા
તો સમજાવી શીક્ષા દઈએ—જેવા
વાંદરને દરપણ દેવું ફોકટ તો કોને કહેવું
ત્યાં બની મદારી રહેવું—જેવા

હરભાઈઃ — ૧૨

દશા પલટાય—સૌની જગમાં
બે દીન તડકા બે દીન છાંય

સદાયે જણાય—જગમાં
મૂર્ખ રડે છે મરેન હસે છે,
જડેના ઉપાય—જેના
રાખ્યું ટળેના કોટી પ્રયત્ને
થવાનું તે થાય—જગમાં.

શારદા:— ૧૩

ધન્ય તે અબળા જીવન સ્વામી તણી સેવા મળી,
એજ સાચી સરિતા જે સ્નેહ સાગરમાં ભળી.
સરદાર તારા ચરણ સ્પર્શે દેહનો ઉદ્ધાર છે.
ભરથાર તારી કૃપાથી બેડો અમારો પાર છે.

સ્વધર્મ સ્વર્ગ દેનારો રાજ
નાશ વંત જગ માયા,
ઉદ્ધાર એજ કરનારો રાજ
પતિ આમ્રની છાયા,
સંકટમાં સમતા ધારે
સ્વામી પર પ્રાણ ઓવારે
સન્નાર તણો એ ધારો
વાત વિચારો રાજ,
પતિ આમ્રની છાયા

રમા રામજી:— ૧૪

મારા સાહ્યબાની વાંકી તલવાર તારી વાંકી ભમરની કટાર
વાંકી કમર તારા વાંકડીઆ ચાલ વાળ વાંકી તમારી લટકદાર
વાંકી જીભ તારી સૌ રીત પ્રીત વાંકી પણ
ખુબ મજેદાર
આંખડી કટાર તારી બોલી તલવાર ગજબ મેણાંનો માર
સર્વે પડે હેઠાં અમારાં હથીયાર.

સાધુ:— ૧૫

પ્રાણ કાયાને પુછે રે કીધી શાને તે પ્રીતડી
કાયા પ્રાણને કહેતીરે ગાયવીયા મેં ઘડીને ઘડી.
જાણતી જો હોત તને પ્રવાસી બે દીનનો,
કદાપી ન રાખતરે હૃદયા સાથે જડીને જડી;
પ્રીતડી કાચી રે ભરોસો શો કાયા તણો,
પ્રાણ અધવચ મુકીરે એકલી તું ચિતામા પડી.

....અંક બીજો સમાપ્ત....

....અંક ત્રીજો....

સાધુઓઃ— ૧૬

અજબ મનોહર જગની વાડી વિવિધ સુવાસે
ખીલી રહી છે,
મીઠી જ્યાં પરિમલ મીઠાં જ્યાં પુષ્પો મીઠી મધુરી
ભભક ભરી છે.
જોજે મધુકર ન ભાન ભુલે સુવાસ લેજે ડરી ડરીને;
અજબ છે પુષ્પો અજબ છે રંગત જરૂર જવાનાં
ખરી ખરીને,
જો આત્મ કુંજે ખીલ્યું છે ઉપવન કુંજે સુધા ભરી છે,
અજબ એ વાડી અજબ છે માળી નીહાળી લે,
નહી ભુલે ફરીને.

શારદાઃ— ૧૭

મીથ્યા માયા જાળ છે, મીથ્યા જગ વહેવાર
ત્યાગી બંધન ઈચ્છીએ અચળ શાંતિ આધાર,
રામજીને આશરે રહેશું
સાહેબનું નામ લેશું.
ત્યાગીને જંજાળ આ.

મનમાં મીથ્યા ગુમાન ખોશું,
પુનીત સ્થાન જોશું,
ત્યાગીને ઘટ માળ આ.
મરતા દીન એક જોર જરને જુવાની
શાણાઓ કહે છે, દુનીયા દીવાની
દિવ્ય પુન્ય પંથ પાય દેશું
આનંદમાં રહેશું દિલ દીનના દયાળમાં;
રામજીને૦

શ્યામાઃ— ૧૮

દીલ ના પીછાણે મારૂં કોઇ રે હું તો દીલની દીવાની (૩)
મીઠી જુવાની પ્યાલી સુકાની ખાવી વસન્તે મજા
મીઠી પીવાની
આભને ગોખે ચમક ચાંદલીઓ હઈયું કરે ચમકાર,
આંબાને ડાળે ટહુકે કોયલડી કાળજડે વાગે કટાર,
આરપાર મારી સેજલડી સુની—હું તો૦

કોમીક પાત્રો બધાઃ— ૧૯

આવો સૌ મંગળ ગાઓ ફરી માંડવડા બંધાવો
કુમ કુમ સ્વસ્તીક ચોક પુરાવો તાલબંધ વાજા વગડાવો
ઢોલ વાધે ધણુણ ધણણ શરણાઈ બોલે શણુણ, શણુણ,

પરવશ બનાવે તારા બોલો,

પાતળીઆ મુખડા પર વારી વારી જાઉં

વાંદર ચાળા એ હવે મુકો અલબેલડી

હું તો સાંભળવા હાય શરમાઉં

ભાઈ જેની ભારજા ભુંડી એને પીડા અંતરમાં ઉંડી,

ગઈ ગુજરીને ભુલી જાઓ નવા લગનને નવો લ્યો લ્હાવો

શારદા, હરભાઈ:— ૨૦

ચેતન અજબ ભરેલી માતૃભુમીની માટી,
તેં દેહ આ ઘડેલી માતૃભુમીની માટી,
શકિત અનંત દેતી સંદેશ દિવ્ય કહેતી,
આખર વિરામ દેતી માતૃભુમીની માટી,
એ માટીમાં જડાયાં સ્મરણો અનંત પ્યારા,
એ માટીમાં ઘડાયાં ગૌરવ વિમળ અમારાં,
યુગ યુગ પ્રણામ મારા માતૃભુમીની માટી.

શાંતિ ! **શાંતિ ! !** **શાંતિ ! ! !**

.....:સમાપ્ત:.....

આ ચોપડી જૈન એડવોકેટ પ્રિન્ટીંગ પ્રેસના માલેક
વાડીલાલ બાપુલાલ શાહે શ્રી દેશી નાટક સમાજ માટે છાપી
ઠેકાણું:- ઘીકાંટા જેશીંગભાઇની વાડી,-**અમદાવાદ.**

જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો જ્યાં જ્યાં મુકામ હોય ત્યાંથી મળશે.

૧ સતી સંયુક્તા
૨ સંગીત લીલાવતી
૩ પવિત્ર લીલાવતી
૪ સતી પાર્વતી
૫ અશ્રુમતી
૬ રામ વિયોગ
૭ મ્યુનીસીપાલ ઈ.
૮ ભોજ કુમાર
૯ સરદારબા
૧૦ ઉમાદેવડી
૧૧ વીણાવેલી
૧૨ વિજયા વિજય
૧૩ મદન મંજરી
૧૪ ઉદયભાણ
૧૫ મોહીનીચંદ્ર
૧૬ ગીતા સુંદરી
૧૭ સતી સીતા
૧૮ ભદ્રાયુ
૧૯ સતી દ્રૌપદી
૨૦ અસુરી માયા
૨૧ શ્રી સન્યાસી
૨૨ ઝાલીમ દુલીયા
૨૩ સતી પદ્મિની
૨૪ અજીતસીંહ
૨૫ રૂકમીણી હરણ
૨૬ સતી દમયંતી
૨૭ કેશર કીશોરી
૨૮ ઉર્વસી
૨૯ રાઠોડ કન્યા
૩૦ સુભદ્રા હરણ
૩૧ પવિત્ર લક્ષ્મી
૩૨ હંસા કુમારી
૩૩ કુસુમલતા
૩૪ ગુલબકાવલી
૩૫ અભયસીંહ
૩૬ કર્મફળ
૩૭ નરસીંહ મહેતા
૩૮ કૃષ્ણ સુદામા
૩૯ સગાળશા
૪૦ મહાકવી કાલીદાસ
૪૧ રાજ રત્ન
૪૨ પ્રલ્હાદ વિજય
૪૩ કૌરવપાંડવ ભા. ૧
૪૪ ગણાંમૃત સતી અંબા
૪૫ કૌરવપાંડવ ભા ૨
૪૬ લલિત પ્રિયા
૪૭ સહદેવ વિજય
૪૮ દેવી દેવહુતી
૪૯ મહારાજા અશોક
૫૦ સતી સુલોચના
૫૧ સરસ્વતીચંદ્ર
૫૨ બોલતો કાગળ
૫૩ સિદ્ધાર્થ બુધ
૫૪ દગાબાજ દુનીયા
૫૫ દેવી દમયંતી
૫૬ માયાના વીર
૫૭ મયુરધ્વજ
૫૮ વિજયધ્વજ
૫૯ વલ્લભીપતી
૬૦ વસંત વિણા
૬૧ કામલતા
૬૨ સત્યવાદી હરીશ્ચંદ્ર
૬૩ દેશ ભક્તિ
૬૪ મીનળ મુંજાળ
૬૫ દીવાન
૬૬ રાજ સંસાર
૬૭ લક્ષ્મી
૬૮ વીર પુજન
૬૯ સમાજ સેવા
૭૦ વીર રમણી
૭૧ દેવી હોથલ
૭૨ દેશ દીપક
૭૩ સત્તાનો મદ
૭૪ કાંતી સ્વપ્ન
૭૫ અજયધારા
૭૬ અંશાવતાર
૭૭ વીર ભુષણ
૭૮ શાંભર રાજ
૭૯ આત્મ નિર્ણય
૮૦ આર્ય અબળા
૮૧ સંત પ્રભાવ
૮૨ સોરઠી સિંહ
૮૩ વિધીના ખેલ
૮૪ સાચો સજ્જન
૮૫ ઉગતો ભાનુ